| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ: | ૧૬–૦૭–૨૦૨૫ | | |
| દાખલ તારીખ: | ૧૬–૦૭–૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ: | ૨૫–૦૩–૨૦૨૬ | | |
| **અ વ ધિ :** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૮ | ૧૨ |

**મહે.પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.માંડવી–કચ્છ**

**દિ.પ.અરજી નં. ૧૩/૨૦૨૫**
**આંક :– ૩૨/એ**

**કીરીટ રામજી લાલન, ઉ.વ.૬૭,**
રહે.હિરા મોંગી હોસ્પીટલ સામે, વાલજી લધા ક્રોસ રોડ, મુલુંડ શ્રી નિવાસ, મુલુંડ વેસ્ટ, મુંબઈ ૪૦૦૦૮૦ **... અરજદાર**

**બાબત :–** **હિન્દુ વારસાધારા અધિનિયમ, ૧૯૨૫ ની કલમ–૨૭૬ મુજબ વીલનું પ્રોબેટ મંજૂર કરવા અંગે...**

અરજદાર તરફે વિ.વ.શ્રી કે. સી. માંડલીયા

**–: ચુકાદો :–**

(૧) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, નીરૂબેન વસંતલાલ લાલન, રહે. કોડાય, તા.માંડવીવાળા ભુજ કચ્છ મધ્યે તા.૪–૧૦–૨૦૨૪ ના રોજ ગુજરી ગયેલ છે. ગુજરનાર નીરૂબેન વસંતલાલ લાલનના પતિ વસંતલાલ રવજી લાલન તા.૮–૯–૨૦૧૧ ના રોજ ભુજ કચ્છ મધ્યે ગુજરી ગયેલ છે અને તેઓ નિર્વંશ ગુજરી ગયેલ છે. ગુજરનાર નીરૂબેન વસંતલાલ લાલનની શીડયુઅલમાં

દર્શાવેલ સ્થાવર મિલ્કતો (૧) કચ્છ માંડવી તાલુકાના ગામ કોડાય મધ્યે ગઢ ફળીયામાં આવેલ રહેણાંકનું મકાન જેના કોડાય ગ્રામ પંચાયત નં.૭/૫૫, બજાર કિંમત રૂા.૨૦,૦૦,૦૦૦/– (૨) કચ્છ માંડવી તાલુકાના ગામ કોડાયની સીમમાં આવેલ ખેતર જેના રેવન્યુ સર્વે નં.૪૯૯/પૈકી ૧ તથા હેકટર ૦–૫૧–૬૫, બજાર કિંમત રૂા.૧,૦૦,૦૦૦/– તથા (૩) ગોંડલ શહેરની નગરપાલિકાની હદમાં ભોજરાજ પરા વિસ્તારમાં આવેલ બહુમાળી બિલ્ડીંગ જલારામ પ્લાઝા–૨ માં ત્રીજા માળે આવેલ ફલેટ નં.૩૦૧ પૈકી પશ્ચિમ તરફનો ભાગ કે જેના ગોંડલ નગરપાલિકાના પ્લેટ નં.૨૩૮/૮ છે તથા તેના સીટી સર્વેના વોર્ડ નં.૨, સર્વે નં. ૩૫૬૬ પૈકી છે તથા તેની બીલ્ટ અપ એરીયા ૬૪.૦૦ ચો.મી., બજાર કિંમત રૂા. ૩૦,૦૦,૦૦૦/– એમ કુલ રકમ રૂા.૫૧,૦૦,૦૦૦/– છે. નીરૂબેન વસંતલાલ લાલનએ તા.૧૮–૧૦–૨૦૧૮ ના રોજ તેમનું વીલ કરેલ છે, આ વીલ તેમનું આખરી વીલ છે ત્યાર બાદ તેમણે કોઈ વીલ બનાવેલ નથી. ગુજરનાર નીરૂબેન વસંતલાલ લાલન આ વીલ તેમના પોતાના હસ્તાક્ષરમાં લખેલ છે, સદર વીલ ગુજરનાર નીરૂબેન વસંતલાલ લાલન ધ્વારા તા.૨૨–૭–૨૦૧૮ ના રોજ લખવામાં આવેલ છે પરંતુ સદર વીલ પર પોતાના હસ્તાક્ષર તેમના સાક્ષીઓ હાજર ન હોવાના કારણે તા.૧૮–૧૦–૨૦૧૮ ના રોજ વીલના સાક્ષીઓની હાજરીમાં પોતાની સહી કરેલ છે અને સદર વીલ પર ત્યાર બાદ સાક્ષીઓએ ગુજરનાર નીરૂબેન વસંતલાલ લાલનની હાજરીમાં પોતાની સહી કરેલ છે. ગુજરનાર નીરૂબેન વસંતલાલ લાલનએ તેમના તા.૧૮–૧૦–૨૦૧૮ વાળા વીલના એકઝીકયુટર ટ્રસ્ટી તરીકે અરજદારને નીમેલ છે, જેથી ગુજરનારની શીડયુલમાં દર્શાવેલ સ્થાવર મિલ્કતોનું પ્રોબેટ મેળવવા આ અરજી કરવામાં આવેલ છે. વધુમાં, ઈન્ડીયન સકસેશન એકટ હેઠળ અરજદારને આ સર્ટીફીકેટ આપવા બાબતમાં કોઈ

બાધ નથી તેમજ ગુજરનારની મિલ્કત માટે લેટર્સ ઓફ એડમિનિસ્ટ્રેશન, પ્રોબેટ કે વારસા સર્ટીફીકેટ મેળવવા માટે ભારતની કોઈ કોર્ટમાં અરજ કરવામાં આવેલ નથી. વધુમાં, ગુજરનાર નીરૂબેન વસંતલાલ લાલનએ જે મિલ્કતોનું વીલ કરેલ છે તે વીલમાં સાક્ષી કરનાર સાક્ષીઓ (૧) ભાવેશ દિનકરરાય મહેતા તથા (ર) બીપીન છગનલાલ લાલન પૈકી ભાવેશ દિનકરરાય મહેતાનું સોગંદનામુ રજુ રાખેલ છે. ગુજરનારની જે મિલ્કતો છે તે નામદાર કોર્ટની હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ હોય, આ અરજી સાંભળવા નામદાર કોર્ટને હકુમત પહોંચે છે. આમ, ગુજરનાર નીરૂબેન વસંતલાલ લાલનની શિડયુલમાં જણાવ્યા મુજબની સ્થાવર મિલ્કતોના વીલનું પ્રોબેટ અરજદારના નામ જોગનું કાઢી આપવા હુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે.

(ર) આ કામના અરજદારની અરજી સંદર્ભે આંક–૧ તળે નામદાર કોર્ટ તરફથી આ કામની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવવા માટે સ્થાનિક જાહેર વર્તમાન પત્રમાં, જુદી–જુદી સરકારી કચેરીઓએ તથા જુદી–જુદી જાહેર જગ્યાએ જાહેર નોટીસો પ્રસિધ્ધ કરવા હુકમ કરવામાં આવેલ છે. જે અન્વયે એક જાહેર નોટીસ અરજદારના ખર્ચે સ્થાનિક દૈનિક વર્તમાનપત્ર ''ગુજરાત સમાચાર''માં પ્રસિધ્ધિ અર્થે મોકલી આપવામાં આવી અને બાકીની જાહેર નોટીસો જુદી જુદી સરકારી કચેરીઓએ તથા જાહેર જગ્યાએ પ્રસિધ્ધિ અર્થે મોકલી આપવામાં આવેલ છે, જે જાહેર નોટીસો બજી ગયેલ છે.

(૩) અરજદાર પક્ષ તરફે તેની અરજીના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

(અ) **મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | ૧૧ | અરજદાર– કીરીટ રામજી લાલનનું પુરાવાનું સોગંદનામું |
| (૨) | ૨૭ | સાહેદ ગીરીશ છગનલાલ લાલનની જુબાની |
| (૩) | ૩૦ | સાહેદ ભાવેશ દિનકરરાય મહેતાની જુબાની |
| (૪) | ૩૦–એ | સાહેદ બીપીન છગનલાલ લાલનની જુબાની |

(બ) **દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૧૩ | કોડાય સીમ સર્વે નં.૪૯૯/પૈકી ૧ વાળા ખેતરના ગામ નમુના નં.૭ ની ઓનલાઈન ખરી નકલ |
| (૨) | ૧૪ | ગુજરનાર નીરૂબેન વસંતલાલ લાલનના મરણનો દાખલો અસલ |
| (૩) | ૧૫ | ગુજરનારના પતિ વસંતલાલ રવજી લાલનના મરણના દાખલાની ઝેરોક્ષ નકલ |
| (૪) | ૧૬ | ગુજરનાર નીરૂબેન વસંતલાલ લાલનનું વીલ અસલ |
| (૫) | ૧૭ | શ્રી કોડાય ગ્રામ પંચાયતની કર વેરા ભર્યાની પહોંચ અસલ |
| (૬) | ૧૮ | કોડાય સીમ સર્વે નં.૪૯૯/પૈકી ૧ ના ગામ નમુના નં.૭ ની ઓનલાઈન પ્રિન્ટ |
| (૭) | ૧૯ | ગોંડલના સીટી સર્વે વોર્ડ નં.૧ ના સર્વે નં.૩૫૬૬/૧ પૈકીના પ્રોપર્ટી કાર્ડની ઝેરોક્ષ નકલ |
| (૮) | ૨૦ | ગોંડલ નગરપાલિકાની કર વેરા ભર્યાની પહોંચ અસલ |
| (૯) | ૨૧ | ગુજરાત સમાચાર દૈનિક વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેલ જાહેર નોટીસ અસલ |
| (૧૦) | ૨૨ | દૈનિક વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેલ જાહેર નોટીસનું બીલ અસલ |

અરજદાર પક્ષ તરફે વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, જેથી આંક–૩૧ ની કલોઝીંગ પુરશીષથી પુરાવો પુર્ણ થયાનું જાહેર કરેલ છે.

(૪) આ કામે અરજદાર પક્ષ તરફે રજુ થયેલ તેની અરજી, મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. અરજદારનાં વિધ્વાન વકીલ શ્રી કે. સી. માંડલીયાની મૌખિક દલીલો સાંભળી.

(૫) હાલના કામે સૌ પ્રથમ જોઈએ તો અરજદારે આંક–૧૧ થી સોગંદ ઉપર જાહેર કરેલ છે કે, શીડયુલમાં જણાવેલ સ્થાવર મિલ્કતો ગુજરનાર નીરૂબેન વસંતલાલ લાલનની માલિકીની છે, જેના સમર્થનમાં અરજદાર પક્ષ તરફે આ કામે આંક–૧૩ થી કોડાય સીમ સર્વે નં.૪૯૯/પૈકી ૧ વાળા ખેતરના ગામ નમુના નં.૭ ની ઓનલાઈન ખરી નકલ, આંક–૧૭ થી શ્રી કોડાય ગ્રામ પંચાયતની કર વેરા ભર્યાની પહોંચ અસલ, આંક–૧૮ થી કોડાય સીમ સર્વે નં.૪૯૯/પૈકી ૧ ના ગામ નમુના નં.૭ ની ઓનલાઈન પ્રિન્ટ, આંક–૧૯ થી ગોંડલના સીટી સર્વે વોર્ડ નં.૧ ના સર્વે નં.૩૫૬૬/૧ પૈકીના પ્રોપર્ટી કાર્ડની ઝેરોક્ષ નકલ તથા આંક–૨૦ થી ગોંડલ નગરપાલિકાની કર વેરા ભર્યાની પહોંચ અસલ રજુ કરેલ છે, જે ધ્યાને લેતા (૧) કચ્છ માંડવી તાલુકાના ગામ કોડાય મધ્યે ગઢ ફળીયામાં આવેલ રહેણાંકનું મકાન જેના કોડાય ગ્રામ પંચાયત નં.૭/૫૫, (૨) કચ્છ માંડવી તાલુકાના ગામ કોડાયની સીમમાં આવેલ ખેતર જેના રેવન્યુ સર્વે નં.૪૯૯/પૈકી ૧ તથા હેકટર ૦–૫૧–૬૫ તથા (૩) ગોંડલ શહેરની નગરપાલિકાની હદમાં ભોજરાજ પરા વિસ્તારમાં આવેલ બહુમાળી બિલ્ડીંગ જલારામ પ્લાઝા–૨ માં ત્રીજા માળે આવેલ ફલેટ નં.૩૦૧ પૈકી પશ્ચિમ તરફનો ભાગ કે જેના ગોંડલ નગરપાલિકાના પ્લેટ નં. ૨૩૮/૮ છે તથા તેના સીટી સર્વેના વોર્ડ નં.૨, સર્વે નં. ૩૫૬૬ પૈકી છે તથા તેની બીલ્ટ અપ એરીયા ૬૪.૦૦ ચો.મી.વાળી સ્થાવર મિલ્કતો ગુજરનાર નીરૂબેન વસંતલાલ લાલનના નામે નોંધાયેલ હોવાનું ફલિત થાય છે. વધુમાં અરજદારના

કથન અનુસાર નીરૂબેન વસંતલાલ લાલન, રહે. કોડાય, તા.માંડવીવાળા ભુજ કચ્છ મધ્યે તા.૪–૧૦–૨૦૨૪ ના રોજ ગુજરી ગયેલ છે તથા ગુજરનાર નીરૂબેન વસંતલાલ લાલનના પતિ વસંતલાલ રવજી લાલન તા.૮–૯–૨૦૧૧ ના રોજ ભુજ કચ્છ મધ્યે નિર્વંશ ગુજરી ગયેલ છે, જે સંબંધે અરજદાર પક્ષ તરફે આંક–૧૪ થી રજુ કરેલ ગુજરનાર નીરૂબેન વસંતલાલ લાલનના મરણનો દાખલો અસલ તથા આંક–૧૫ થી રજુ કરેલ ગુજરનારના પતિ વસંતલાલ રવજી લાલનના મરણના દાખલાની ઝેરોક્ષ નકલથી સમર્થન પ્રાપ્ત થાય છે. વધુમાં, અરજદાર પક્ષ તરફે સમર્થનમાં સાહેદ ગીરીશ છગનલાલ લાલનને આંક–૨૭ થી તપાસેલ છે, જેમા તેઓએ અરજદારની અરજીની હકીકતોને સમર્થનકારી વિગતો જણાવેલ છે.

વધુમાં, અરજદારના કથન અનુસાર નીરૂબેન વસંતલાલ લાલનએ તા. ૧૮–૧૦–૨૦૧૮ ના રોજ તેમનું વીલ કરેલ છે, આ વીલ તેમનું આખરી વીલ છે ત્યાર બાદ તેમણે કોઈ વીલ બનાવેલ નથી, ગુજરનાર નીરૂબેન વસંતલાલ લાલન આ વીલ તેમના પોતાના હસ્તાક્ષરમાં લખેલ છે, સદર વીલ ગુજરનાર નીરૂબેન વસંતલાલ લાલન ધ્વારા તા.૨૨–૭–૨૦૧૮ ના રોજ લખવામાં આવેલ છે પરંતુ સદર વીલ પર પોતાના હસ્તાક્ષર તેમના સાક્ષીઓ હાજર ન હોવાના કારણે તા.૧૮–૧૦–૨૦૧૮ ના રોજ વીલના સાક્ષીઓની હાજરીમાં પોતાની સહી કરેલ છે અને સદર વીલ પર ત્યાર બાદ સાક્ષીઓએ ગુજરનાર નીરૂબેન વસંતલાલ લાલનની હાજરીમાં પોતાની સહી કરેલ છે, ગુજરનાર નીરૂબેન વસંતલાલ લાલનએ તેમના તા.૧૮–૧૦–૨૦૧૮ વાળા વીલના એકઝીકયુટર ટ્રસ્ટી તરીકે અરજદારને નીમેલ છે, જેથી અરજદારની તરફેણમાં ગુજરનાર

નીરૂબેન વસંતલાલ લાલનએ કરી આપેલ વીલનું પ્રોબેટ મેળવવા અરજદારે હાલની આ અરજી કરેલ છે.

વધુમાં, આ કામે ગુજરનાર નીરૂબેન વસંતલાલ લાલનએ તા.૧૮–૧૦–૨૦૧૮ ના રોજ કરેલ વીલ અસલ આંક–૧૬ થી રજુ કરેલ છે. આ વીલ સાબિત કરવા માટે અરજદાર પક્ષ તરફે સાહેદ ભાવેશ દિનકરરાય મહેતાને આંક–૩૦ થી તથા સાહેદ બીપીન છગનલાલ લાલનને આંક–૩૦(એ) થી તપાસેલ છે, જેમા તેઓએ આ વીલમાં જે વિગતો જણાવેલ છે તેની સંપુર્ણ જાણ છે અને આ વીલ ગુજરનાર નીરૂબેન વસંતલાલ લાલનએ પોતાના હસ્તાક્ષરમાં બ્લુ તથા કાળી શાહીથી લખેલ છે અને તેમા ગુજરાતી તથા અંગ્રેજીમાં સહી કરેલ છે જે તેઓ ઓળખી બતાવે છે, તેમજ તે વીલ વખતે તેઓ હાજર રહેલા હતા તેમ જણાવેલ છે. વધુમાં, સદર વીલ યાને વસીયતનામુ ગુજરનાર નીરૂબેન વસંતલાલ લાલન ધ્વારા તા.૨૨–૭–૨૦૧૮ ના રોજ લખવામાં આવેલ પરંતુ સદર વીલ પર પોતાના હસ્તાક્ષર તેમના સાક્ષીઓ હાજર ન હોવાના કારણે તા.૧૮–૧૦–૨૦૧૮ ના રોજ વીલના સાક્ષીઓની હાજરીમાં પોતાની સહી કરેલ હોવાનું તેમજ બન્ને સાક્ષીઓએ પોતાની સહી કરેલ હોવાનું ફલિત થાય છે.

(૬) આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા આંક–૧૬ વાળુ વીલ યાને વસીયતનામુ ગુજરનાર નીરૂબેન વસંતલાલ લાલનએ શીડયુલમાં જણાવેલ સ્થાવર મિલકતો સંબંધે આ કામના અરજદારની તરફેણમાં કરી આપેલ હોય, જેથી અરજદારે અરજીમાં જે સ્થાવર મિલ્કતોના પ્રોબેટની માંગણી કરેલ છે તે વીલ યોગ્ય રીતે કરેલ છે તે પુરવાર થાય છે. વધુમાં, આ કામે દૈનિક વર્તમાન પત્રની

અસલ પ્રત આંક–૨૧ થી તથા જાહેર નોટીસનું અસલ બીલ આંક–૨૨ થી રજુ કરેલ છે, જે મુજબ જાહેર નોટીસ દૈનિક વર્તમાન પત્ર ગુજરાત સમાચારમાં પ્રસિધ્ધ થયેલ છે તેમજ જાહેર સ્થળોએ નોટીસ બજેલ છે તેમ છતા અરજદારે તેમની અરજીમાં માંગ્યા મુજબની મિલ્કતોના વીલ સબબ પ્રોબેટ મળે તે સામે કોઈએ વાંધો કે તકરાર લીધેલ નથી. આ તમામ સંજોગોમા ઉપર ચર્ચા કરી તે અનુસાર વીલ સાઉંડ કંડીશનમાં થયેલ છે તેમજ આ વીલ મૃતકે જ કરેલ છે તેવુ પુરવાર થાય છે તેમજ વીલ કરનાર મૃતકના અન્ય કોઈ પણ વારસદારો નથી તેમ જણાય આવે છે અને આ વીલને અનુલક્ષીને કોઈ નકારાત્મક પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી. આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ ઉપરોકત હકીકતો અને સમગ્ર સંજોગો ઘ્યાને તથા લક્ષમાં લઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## **–: હુકમ :–**

**અરજદાર–** **કીરીટ રામજી લાલન** ની હિન્દુ વારસા અધિનિયમ હેઠળ પ્રોબેટ મેળવવાની અરજી, આથી **મંજૂર** કરવામાં આવે છે

અરજદારે જરૂરી કોર્ટ ફી સ્ટેમ્પ રજુ કર્યેથી અરજદારના નામ જોગ આંક–૧ ની અરજી લગત શીડયુલમાં જણાવ્યા મુજબની સ્થાવર મિલ્કતો ((૧) કચ્છ માંડવી તાલુકાના ગામ કોડાય મધ્યે ગઢ ફળીયામાં આવેલ રહેણાંકનું મકાન જેના કોડાય ગ્રામ પંચાયત નં.૭/૫૫, (૨) કચ્છ માંડવી તાલુકાના ગામ કોડાયની સીમમાં આવેલ ખેતર જેના રેવન્યુ સર્વે નં.૪૯૯/પૈકી ૧ તથા હેકટર ૦–૫૧–૬૫ તથા (૩) ગોંડલ શહેરની નગરપાલિકાની હદમાં ભોજરાજ પરા વિસ્તારમાં આવેલ બહુમાળી બિલ્ડીંગ જલારામ પ્લાઝા–૨ માં ત્રીજા માળે આવેલ ફલેટ નં.૩૦૧ પૈકી પશ્ચિમ તરફનો ભાગ કે જેના

ગોંડલ નગરપાલિકાના પ્લેટ નં.૨૩૮/૮ છે તથા તેના સીટી સર્વેના વોર્ડ નં.૨, સર્વે નં. ૩૫૬૬ પૈકી છે તથા તેની બીલ્ટ અપ એરીયા ૬૪.૦૦ ચો.મી.) નું પ્રોબેટ ઈસ્યુ કરી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** ૨૫–૦૩–૨૦૨૬
**સ્થળ :** માંડવી

**(શ્રીમતિ સ્વાતિ ખત્રી)**
પ્રિન્સિપાલ સિવિલ જજ, માંડવી–કચ્છ
કોડ નં.જી.જે.૦૧૫૧૭